
# ગાંધીનગરમા રાજયના તમામ વાહનોની હાઈસિક્યુરીટી નંબર પ્લેટ તૈયાર થાય છે

**જી આઈ ડી સીમાં એફ ટી એ કંપનીના યુનિટને હાઈસિકયુરીટી રજીસ્ટ્રેશન પ્લેટ તૈયાર કરવાની જવાબદારી : ગાંધીનગરમાં સાડા ચાર વર્ષમાં ૨.૫૪ લાખ વાહનોમાં હાઈસિક્યુરીટી નંબર પ્લેટ લગાવામાં આવી : ઓરિજનલ ગ્રેડના એલ્યુમિનિયમના ઉપયોગથી લેઝર સર્કીટ અને આઈ ડી યુનિટ નંબર સાથે પ્લેટ તૈયાર થાય છે**

ગાંધીનગર તા ૫

સમગ્ર દેશમાં વાહનોમાં હાઈસિક્યુરીટી રજીસ્ટ્રેશન નંબર પ્લેટ લગાવાનો કાયદો અમલી બન્યો પણ વાહન નોંધણીના અંતે હાઈસિક્યુરીટી નંબર પ્લેટ લગાવવી ફરજિયાત છે. જયારે સમગ્ર ગુજરાતના વાહનોમાં લાગતી હાઈસિક્યુરીટી નંબર પ્લેટ ગાંધીનગરમાં જ બને છે. શહેરમાં સ્થિત જી આઈ ડી સીમાં આ માટે ખાસ યુનિટ કાર્યરત છે. એફ ટી એ એચ એસ આર પી કંપનીને આ કામ સોંપવામાં આવ્યુ છે. કંપનીને નંબર પ્લેટ તૈયાર કરવા માટે ટેન્ડરના આધારે કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે. ગાંધીનગરમાં ૧૬ નવેમ્બર વર્ષ ૨૦૧૨થી હાઈસિક્યુરીટી નંબર પ્લેટ તૈયાર કરવાનુ કામ શરૂ છે. હાઈસિક્યુરીટી નંબર પ્લેટ હાલ વિશ્વના ૯૦ દેશોમાં ફરજિયાત છે. જેના આધારે દેશમાં વાહનોના નંબરોનુ ડિઝીટલાઈઝેશન કરવાનુ આયોજન કરવામાં આવી રહયુ છે. વાહનોની નંબર પ્લેટના આધારે જ વાહન માલિક અને તેના નામ સરનામા સહીતની વિગતો ઉપલબ્ધ થાય તે મુજબની લેઝર સર્કીટ આઈ ડી પણ પ્લેટમાં ફીટ કરવામાં આવે છે. વાહન ચોરી સહીતની ગુનાહીત પ્રવૃતિને ડામવા માટે હાઈસિક્યુરીટી નંબર પ્લેટ અસરકારક અને ઉપયોગી પુરવાર થશે. ગુજરાતમાં કરવામાં આવ્યુ હતુ. કંપનીના એક્ઝીકયુટીવ ડાયરેકટર અનુરાગ ચૌધરીએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે આ નંબર પ્લેટ સલામત છે. જેનુ ડુપ્લીકેશન પણ શકય નથી. જયારે અત્યારસુધીના ૧.૩૦ કરોડ વાહનોની નોંધણી સામે છેલ્લા સાડા ચાર વર્ષમાં ૮૦ લાખ નંબર પ્લેટ તૈયાર કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૨ થી અત્યારસુધી નોંધાયેલા ૨૫૯૧૩૪ વાહનો પૈકી ૨૫૪૫૦૯માં હાઈસિક્યુરીટી

● અનુસંધાન પાન-૭ પર





## જી.એસ.ટી.ના પગલે હાઈસિકયુરીટી નંબર પ્લેટના દરમાં રૂ ૧૦ નો ઘટાડો

ગાંધીનગર આર ટી ઓ કચેરી હાઈસિક્યુરીટી નંબર પ્લેટનો અમલ કરવાના મુદે સમગ્ર રાજયમાં પ્રથમ છે. જયારે ગાંધીનગર જિલ્લાના મોટાભાગના વાહનોને આ પ્રકારની નંબર પ્લેટ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. થોડા સમય અગાઉ મહારાષ્ટ્રની ટીમે ગાંધીનગર આર ટી ઓ કચેરીની મુલાકાત લીધી હતી. જયારે હાઈસિક્યુરીટી નંબર પ્લેટ તૈયાર કરવાની કામગીરી વિશે માહીતી મેળવી પ્રભાવિત થયા હતા. જો કે જી એસ ટી ના અમલ બાદ હવે અન્ય ટેકક્ષ નિકળી જતા હાઈસિકયુરીટી નંબર પ્લેટના ચાર્જમાં પણ રૂ ૧૦ નો ઘટાડો કરી દેવાયો છે.

# પંચાયતમાં નવો વિવાદ

**કારોબારી સમિતિની બેઠક મળે ૧ માસ થયો પણ કાર્યવાહી નોંધ હજુ જારી કરવામાં નથી આવી : પંચાયત અધિનિયમમાં સ્પષ્ટ જોગવાઈ છે કે બેઠક મળ્યાના સાત દિવસમાં કાર્યવાહી નોંધ નક્કી કરવી**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની બેઠક મળ્યાને એક માસ જેટલો સમય પસાર થઈ ગયા બાદ તેની કાર્યવાહી નોંધ જારી કરવામાં ન આવતાં જિલ્લાના રાજકારણમાં વધુ એક વિવાદ બહાર આવવા પામ્યો છે.

જિલ્લા પંચાયત ગાંધીનગરની રચનાકાળથી જ સતત વિવાદોમાં રહેતી હોવાથી હવે પ્રદેશ નેતાગીરી પણ ચિંતીત બની છે. ગઈકાલે મહિલા બાળ વિકાસ સમિતિની બેઠકમાં ક્ષેત્રીય અધિકારીઓને હાજર નહિ રાખવાના જિલ્લા અધિકારીના નિર્ણયના વિરોધમાં બેઠક મુલ્તવી રાખવામાં આવી હતી.

હવે આજે કારોબારી સમિતિની કાર્યવાહી નોંધ જારી કરવામાં નહિ આવી હોવાનો નવો વિવાદ સામે આવ્યો છે.

ગુજરાત પંચાયત અધિનિયમમાં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી છે કે સમિતિની બેઠક મળી ગયાના સાત દિવસમાં કાર્યવાહી નોંધ જારી કરી દેવી. આમાં ચૂક થાય તે ચલાવી શકાય નહિ.

એક માસ જેટલો સમય વીતી ગયા બાદ પણ સમિતિની કાર્યવાહી નોંધ જારી કરવામાં આવી ન હોવાથી રાજકીય વર્તુળોમાં તે ચર્ચાનો મુદ્દો બનીને ઉભરી છે. કારોબારી સમિતિ એ પંચાયતની સૌથી મહત્વની સમિતિ છે.


અગાઉ એક તબક્કે બાંધકામ સમિતિની કાર્યવાહી નોંધ મોડી જારી કરવાના મુદ્દે સામાન્ય સભામાં ભારે ધાંધલ તત્કાલીન ચેરમેન અજીતસિંહ રાઠોડે મચાવી હતી અને તે પછી સમિતિના સચિવને આ માટે સામાન્ય સભાએ ઠપકો પણ આપ્યો હતો જે ઉલ્લેખનીય છે.

જિલ્લા પંચાયતમાં છેલ્લા કેટલાક સમયથી વિવાદો પર વિવાદો વધી રહ્યા છે એટલે પ્રદેશ નેતાગીરી પણ ચિંતીત બની છે. જિલ્લાના નિરીક્ષકોને પણ પરિસ્થિતિ સંભાળવા માટે ખાસ તાકીદ કરવામાં આવી છે. તાજેતરમાં જિલ્લા કોંગ્રેસના આગેવાનોએ પણ પંચાયતમાં આવી પરિસ્થિતિ સામાન્ય બને તે દિશામાં બેઠકોનો સિલસિલો ચલાવ્યો હતો.

કારોબારી સમિતિ જેવી મહત્વની બેઠકની કાર્યવાહી નોંધ જારી કરવામાં આવી ન હોવાથી નવો વિવાદ ઉભો થયો છે. છેલ્લી સામાન્ય સભામાં કાર્યવાહી નોંધને લઈ વિવાદ ઉભો કરવાનો વિપક્ષે પ્રયાસ કર્યો હતો ત્યારે કારોબારી સમિતિના ચેરમેને કાર્યવાહી નોંધ એ સમિતિના સભ્યો પુરતી જ હોવાનુ કહી બહુમતિથી વિપક્ષના અવાજને કચડી નાખ્યો હતો. હવે તેમની જ સમિતિની કાર્યવાહી નોંધને લઈ વિવાદ સામે આવ્યો છે.

# ગાંધીનગરની ૬ નર્સરીમાં ૧૧.૫૦ લાખ રોપાઓ ઉપલબ્ધ

**નીલગીરી સૌથી વધુ ૭૩ હજાર રોપાઓ ઉપલબ્ધ**



ગાંધીનગર તા ૫

ગાંધીનગરની કુલ ૬ નર્સરીમાં ૧૧.૫૦ લાખ રોપાઓ ઉપલબ્ધ છે. જેમાં નીલગીરી,વાંસ, ધરૂ, ફળાઉ તેમજ અન્ય પ્રકારના રોપાઓનો સમાવેશ થાય છે. જેમાં સૌથી વધુ ૭૩ હજાર નીલગીરીના રોપા છે. શહેરી વિસ્તારમાં રોપાઓની વાવણીનુ કામ પણ પુર્ણ કરી દેવાયુ છે.

ગાંધીનગરની કુલ ૬ નર્સરીમાં પર્યાપ્ત સંખ્યામાં રોપાઓ ઉપલબ્ધ હોવાનુ વનતંત્રએ જણાંવ્યુ છે. જેમાં જ-૭, સે-૧૭, રાજભવન, આદિવાડા, ચ-૦ નર્સરી ઉપરાંત પાલજ નર્સરીમાં કુલ ૧૧.૫૦ લાખ રોપાઓ ઉપલબ્ધ છે. જેમાં સૌથી વધુ સંખ્યા નીલગીરીના રોપાઓની છે. આ તમામ નર્સરીઓમાં ૭૩ હજાર રોપાઓ નીલગીરીના છે. જયારે ૧૨ હજાર રોપાઓ શરૂ જાતના છે. વધુમાં ૭ હજાર રોપાઓ વાંસના છે. જયારે ૧૬૮૦૦ ફળાઉ રોપાઓનો પણ સમાવેશ થાય છે. આ ઉપરંત અન્ય જુદી જુદી પ્રકારના ૭૬ હજાર પ્રકારના રોપાઓ પણ નર્સરીમાં ઉપલબ્ધ છે. વનવિભાગ દ્વારા ૬૮ માં વન મહાત્સવની ઉજવણી અન્વયે ફાળાઉ ,ઈમારતી , સુશોભિત તેમજ ઔષધિય અને અન્ય રોપાઓનો ઉછેર કરવામાં આવશે. જયારે વ્યક્તિગત તેમજ ખેડુતો અને શાળાઓ પંચાયતો તેમજ ઓધોગિક સંસ્થાઓને પણ સરળતાથી રોપાઓ ઉપલબ્ધ થાય તેવુ આયોજન કરવામાં આવ્યુ છે.

# ગત વર્ષની તુલનામાં જિલ્લામાં ૨૪.૧૯ ટકા વધુ વરસાદ નોંધાયો

**ઉત્તર ગુજરાતમાં ૨૪.૧૯ ટકા તો રાજ્યમાં ૧૫.૨૯ ટકા વરસાદ ગત વર્ષ કરતાં વધુ નોંધાયો**

ગાંધીનગર, તા. ૫

ગુજરાતમાં સમયસર ચોમાસાના આગમનને પગલે ગત ૪થી જુલાઈ ૨૦૧૬ની તુલનામાં રાજયમાં ૧૫.૨૯ ટકા તો ગાંધીનગરમાં ૨૪.૧૯ ટકા અને ઉત્તર ગુજરાતમાં ૨૫ ટકા જેટલો વરસાદ વધુ નોંધાયો છે.

૪થી જુલાઈ ૨૦૧૬ સુધીમાં ગાંધીનગરમાં ૨.૪૭ ટકા વરસાદ નોંધાયો હતો જેની સામે ૪થી જુલાઈ ૨૦૧૭ સુધીમાં ૨૬.૬૬ ટકા વરસાદ નોંધાયો છે. જે ૨૪.૧૯ ટકાનો વધારો દર્શાવે છે.

૧૯૮૭ થી ૨૦૧૬ની સરેરાશને ધ્યાને રાખીએ તો સિઝન દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં ૭૪૪ મિ.મિ. વરસાદ નોંધાતો રહ્યો છે. જેની સામે ૪થી જુલાઈ ૨૦૧૭ સુધીમાં ૧૯૮ મિ.મિ. વરસાદ થઈ ચુક્યો છે. જે સિઝનના ૨૬.૬૬ ટકા જેટલો થવા જાય છે. આ સૂત્રોના જણાવ્યાનુસાર ૪થી જુલાઈ ૨૦૧૬ સુધીમાં રાજ્યમાં ૧૦.૪૨ ટકા વરસાદ નોંધાયો હતો જેની સામે ૪થી જુલાઈ ૨૦૧૭ સુધીમાં ૨૫.૭૧ ટકા વરસાદ નોંધાયો છે. જે ગત વર્ષની તુલનામાં ૧૫.૨૯ ટકા વધુ છે.

૨૦૧૬ની આ તારીખે ઉ. ગુજરાતના જિલ્લાઓમાં જોઈએ તો પાટણમાં ૪.૨૬ ટકા, બનાસકાંઠામાં ૩.૫૧ ટકા, મહેસાણામાં ૩.૬૦ટકા, સાબરકાંઠામાં ૫.૮૩ ટકા, અરવલ્લીમાં ૬.૬૩ ટકા અને ગાંધીનગરમાં ૨.૪૭ ટકા વરસાદ નોંધાયો હતો.

જયારે ૨૦૧૭માં ૪થી જુલાઈ સુધીમાં પાટણમાં ૪૭.૧૮

● અનુસંધાન પાન-૭ પર

# સરીતા ટાંકીના વાલ્વમાં ખામી સર્જાતા નવા સેકટરોમાં પાણીનો કકળાટ

ગાંધીનગર તા ૫

શહેરમાં આજે નવા સેકટરોમાં ફરી પાણીનો કકળાટ પ્રવર્તયો હતો. શહેરના નવા સેકટરોમાં આજે ફોર્સથી પાણી ન આવતા રહીશોમાં રોષ પ્રવર્તયો હતો. સરીતાની ટાંકીના વાલ્વમાં ખામી સર્જાતા પાણીની સમસ્યા સર્જાઈ હતી. સે-૮ માં પાણીનો ફોર્સ નહીંવત રહયો હતો. જયારે તંત્ર દ્વારા બપોરના સમયે પાણી સપ્લાય કરવામાં આવ્યુ હતુ. ગુરુવારથી રાબેતા મુજબ પાણીનો સપ્લાય આપવામાં આવશે તેમ પણ તંત્ર દ્વારા જણાંવાયુ છે. શહેરના નવા સેકટરોમાં થોડા સમય અગાઉ પણ પાણીની પોકાર ઉઠવા પામી હતી. નવા સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતુ હોવાની ફરિયાદો હમણાં વધી છે. જેના લીધે રહીશોમાં રોષ પ્રવર્તયો

● અનુસંધાન પાન-૭ પર

# પાણીની મોટર ચાલુ કરવા જતા કરંટ લાગવાથી વૃદ્ધનું મૃત્યુ

**ડભોડાનાં આનંદપુરા ખાતે એક બોરકુવા પાસે બનેલી ઘટના**

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર નજીક આવેલા ડભોડા ગામનાં આનંદપુરા ખાતે એક બોરકુવા પાસે ગઈ સાંજે પાણીની મોટર ચાલુ કરવા જતા એક વૃદ્ધનું સ્થળ પર જ કરુણ મોત નિપજ્યુ હતુ. ઘટના અંગે ડભોડા પોલીસને જાણ થતા મૃતદેહ પી.એમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને પોલીસે ઉંડી તપાસ શરુ કરી છે. નોંધનીય છે કે બોરકુવા પાસે જ નાનુ મકાન બનાવીને વૃદ્ધ તેમના પરિવાર સાથે રહેતા હતા.

ચિલોડાથી થોડે દુર આવેલા ડભોડા ગામનાં પ્રભુપુરા આનંદપુરા વિસ્તારમાં એક બોરકુવા પાસે નાનુ મકાન બનાવીને ૬૦ વર્ષિય વૃદ્ધ હિંમતજી જુગાજી ઠાકોર રહેતા હતા. આ મકાનના ધાબે મુકેલી પાણીની ટાંકીમાં પાણી ચઢાવવા હિંમતજી મોટરનો ઉપયોગ કરતા હતા. ગઈ કાલે આ મેન્યુઅલ મોટરનાં વાયરનાં છેડા પ્લગમાં ભરાવવા ગયા ત્યારે હિંમતજીનાં હાથ ભીના હોવાથી કરંટ લાગી ગયો હતો. મોટર ચાલુ કરવા જતા વિજ કરંટ લાગી જતા વૃદ્ધ હિંમતજીનુ સ્થળ પર જ કરુણ મૃત્યુ નિપજ્યુ હતુ. તેમને તાત્કાલીક સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા પરંતુ ત્યા સુધીમાં શ્વાસ છોડી દિધા હતા.



દુરસ્તીકરણ - શહેરના મુખ્ય માર્ગો પર ૨૦૦થી વધુ સીસીટીવી કેમેરા લગાવાયા છે... અદ્યતન ટેકનોલોજીથી સુસજ્જ કેમેરાને કાર્યરત કરવા તંત્ર દ્વારા કામગીરી આરંભાઈ છે... ક્યાંક નવા કેમેરા લગાવાઈ રહ્યા છે તો ક્યાંક જુના કેમેરાનું દુરસ્તીકરણ ચાલી રહ્યું છે... આગામી દિવસોમાં ગાંધીનગર આખુ સીસીટીવી કેમેરાની નજર હેઠળ હશે...

# ગેસ કટરથી એટીએમ તોડી નાંખ્યુ હોત તોય ચોરને રૂપિયા ન મળતા..!!!

**એટીએમની બોટમ ચેસ્ટ તોડી નાંખી હોત તો અંદર બીજુ ન્યુમેરીક લોક ચોરે ક્રેક કરવુ પડતુ જેનો પાસવર્ડ દર અડધા કલાકે બદલાય છે : અખતરો કરવા જતા નવો નિશાળીયો ચોર ભરાઇ ગયો**

ગાંધીનગર, તા.૭

ન્યુ ગાંધીનગર ખાતે કુડાસણ વિસ્તારમાં કેનરા બેંકનાં એ.ટી.એમ ને રાત્રી દરમ્યાન ગેસ કટરથી તોડીને ચોરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ શખ્સ પકડાઈ ગયો પરંતુ જો આ શખ્સ ગેસ કટરથી એટીએમની બોટમ ચેસ્ટ તોડવામાં સફળ થઈ ગયો હોત તો પણ તેના હાથમાં એટીએમમાં પડેલા રુપિયા ન આવતા...! કેમ કે બોટમ ચેસ્ટની અંદર બીજુ ન્યુમેરીક લોક હોય છે તેમા પાસવર્ડ નાંખો તો જ કેશ ચેસ્ટ ખુલે..! અને આ પાસવર્ડ હેડ ઓફીસથી દર અડધા કલાકે બદલાઈ જતો હોવાથી માસ્ટર માઈન્ડ માટે પણ આ પાસવર્ડ ક્રેક કરવો અશક્ય છે. અખતરો કરવા જતા આ નવો નિશાળીયો એ.ટી.એમ ચોર ભરાઈ ગયો અને પોલીસનાં હાથે પકડાઈ ગયો..!! જો કે આ શખ્સ બીજે જ દિવસે જામીન પર છુટી પણ ગયો છે.

ગેસ કટરનાં નાના ટીન અને ગેસ કટર તથા ગેસ લાઈટર સાથે વેજલપુર રહેતો રશીક ભીખુ પરમાર કુડાસણની કેનરા બેંકનાં એ.ટી.એમને ગેસ કટરથી કાપીને અંદરથી કેશ ચોરી કરવાના પ્રયાસમાં પકડાઈ ગયો હતો.નવા નિશાળીયા રશીકને હતુ કે કટરથી લોક તોડી નાંખીશ એટલે એ.ટી.એમ માં પડેલા લાખો રુપિયા તેના થઈ જશે. જો કે તે પોલીસનાં હાથે પકડાઈ ગયો. જો આ શખ્સ કદાચ કટરથી એટીએમ તોડવામાં સફળ પણ થયો હોત તોય તે રુપિયા ચોરી કરી શક્તો નહી. ગઈ કાલે એફ.એસ.એલ નાં સાયન્ટીફીક ઓફીસર જી.પી.દરબારે સ્પોટ વિઝીટ કરીને બેંક મેનેજર અને આ એટીએમ બનાવનાર થાણેની કંપનીનાં

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં સ્વચ્છતા માટે સર્વપક્ષીય બેઠક બોલાવો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં વધતી જતી ગંદકીને લઈ મનપાએ તાત્કાલિક સર્વ પક્ષીય બેઠક બોલાવી અને સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગંભીર બનવાની અતિ તીવ્ર આવશ્યકતા હોવાનુ વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ જણાવી તે દિશામાં આગળ વધવાની મેયર પહેલ કરે તેવી માંગ કરી છે.

ગાંધીનગર શહેર એ રાજ્યનું પાટનગર છે અને અહિ મનપા પાસે વેરા ઉઘરાવવા ઉપરાંત સફાઈની એક માત્ર સેવા સુપ્રત કરવામાં આવી છે. ચોમાસાના આરંભે જ મોન્સુન એક્શન પ્લાનની પોકળતા છતી થઈ ગઈ છે. શહેરમાં ગંદકીનુ સામ્રાજ્ય સ્થપાઈ ચુક્યુ છે.

મેયર પ્રવિણ પટેલને પાઠવેલા પત્રમાં તેમણે જણાવ્યુ છે કે ડોર ટુ ડોર કલેકશન માટેના વાહનો અડધાથી વધુ ખોટકાઈ ચુક્યા છે. તંત્ર ગંભીર તેની સેવા માટે હોય તેવુ જણાતુ નથી. ચોમાસા પૂર્વે જ નવા વાહનોની ખરીદી માટેની કામગીરી હાથ પર લીધી હોત તો આજની આ નોબત ના આવત.

શહેરમાં સુકો કચરો અને ભીનો કચરો માર્ગો પર ઠગ થઈને પડ્યો છે. ઠેર ઠેર પાણીના ખાબોચિયા ભરાઈ જવા પામ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર












Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com